PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૨/કવા–૦૧/૧૬–૧૭/ 5828 તા. 22/07/16

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
શૈલેષ પીઠાભાઈ જોગલ,
પીઠાભાઈ વેજાણંદભાઈ જોગલ
ગામ: વડત્રા,
તા.ખંભાળીયા,
જી: દેવભુમી દ્વારકા
મો: ૯૮૭૯૪ ૨૩૭૪૪

વિષય :—નવા ઘરલાઈટીગ જોડાણ મેળવવા બાબત
સંદર્ભ:— આપની અરજી , તા. ૧૩–૦૬–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૭૨/કવા–૦૧/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જામ ખંભાળીયા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી,ખંભાળીયા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 02/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૭૨/કવા–૦૧/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૧૩–૦૭–૧૬ | સ્થળ :–જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: શૈલેષ પીઠાભાઈ જોગલ, ગામ: વડત્રા**

**રજુઆત કરનાર : અરજદાર શ્રી શૈલેષ પીઠાભાઈ જોગલ હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી,ખંભાળીયા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)**

**રજુઆત કરનાર :ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર કે.એ.કરમુર, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, જામ ખંભાળીયા**

## : હુકમ :

**ફરીયાદ : નવા ઘરલાઈટીંગ જોડાણ મેળવવા બાબત**

## મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| **૧.૧** | અરજદાર જણાવે છે કે, તેઓએ તા.૩૦–૦૩–૦૮ ના રોજ રૂ.૪૦/– નોંધણીચાર્જ, રસીદ નંબરઃ ૦૪૧૫૨૨ ભરપાઈ કરી, અને તેમના – પંચાયત ની હદ મા આવેલ ઘર મા, ઘરવપરાશ માટે ના, નવા સીગલ ફેઇઝ જોડાણ મેળવવા માટે ની અરજી નોધાવેલ હતી. જે અરજી પીજીવીસીએલ દ્રારા મંજુર કરાયેલ છે. અને તેઓએ મંજુરી અન્વયે ના ભાવપત્રક ની રકમ રૂ.૫૪,૭૧૯/– જે રસીદ નંબરઃ ૧૩૬૪૯ તા.૦૮–૦૫–૨૦૦૯ થી પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ છે. આ બાબતે, વારંવાર રૂબરૂ તપાસ તેમજ યાદીઓ પણ આપેલ છે. તેમ છતા, આજદિન સુધી તેઓને, નવુ સીગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ અપાયેલ ન હોવાથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

## મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| **૨.૧** | અરજદાર ની તા.૩૦–૦૩–૦૮ ના રોજ રૂ.૪૦/– નોંધણીચાર્જ, રસીદ નંબરઃ ૦૪૧૫૨૨ ભરપાઈ કરી, અને તેમના – પંચાયત ની હદ મા આવેલ ઘર મા, ઘરવપરાશ માટે ના, નવા સીગલ ફેઇઝ જોડાણ મેળવવા માટે ની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ દ્રારા મંજુર કરાયેલ નવા સીગલ ફેઇઝ જોડાણ ની મંજુરી અન્વયે ના પીજીવીસીએલ તરફથી અપાયેલ ભાવપત્રક ની રકમ રૂ.૫૪,૭૧૯/– જે અરજદારે, રસીદ નંબરઃ ૧૩૬૪૯ તા.૦૮–૦૫–૨૦૦૯ થી, જે તે સમય ની પીજીવીસીએલ ની ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી જામખંભાળીયા મા ભરપાઈ કરી આપેલ છે. જેથી, પીજીવીસીએલ ની જે તે સમય ની ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી જામખંભાળીયા તરફથી, તા.૧૨–૦૭–૧૬ ના રોજ, જોડાણ મંજુરી અન્વયે ની નવી વીજલાઈન ઉભી કરવાની કામગીરી હાથ ધરાયેલ હતી. અને આ કામગીરી અન્વયે ની વીજલાઈન ના કુલ ૧૨ થાંભાલઓ ઉભા કરાયેલ હતા. બાકી રહેતી વીજતાર લગાડવાની તેમજ અન્ય કામગીરી સમયે, જોડાણ ના સ્થળ વાળા પડોશીઓએ વાંધો ઉઠાવેલ હોવાથી, જે તે સમયે, અરજદાર ને જોડાણ આપવાની સદર વીજલાઈન ઉભી કરવાની સંપુર્ણ કામગીરી, જે પીજીવીસીએલ ની સબંધક ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી કક્ષાએથી સ્થગિત થયેલ હતી. ત્યારબાદ, પીજીવીસીએલ ની સદર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી જામખંભાળીયા નુ વિભાજન થતા, નવી વડત્રા પેટા વિભાગીય કચેરી અસ્તીત્વ મા આવેલ છે. અને જોડાણ ના સ્થળ વાળો આ વિસ્તાર, જે નવી વિભાજીત થયેલ વડત્રા પેટા વિભાગીય કચેરી હેઠળ સમાવિષ્ટ થયેલ છે. જેથી, વડત્રા પેટા વિભાગીય કચેરી તરફથી, અરજદાર શ્રી ની સદર જોડાણ ની મુળ મંજુરી વાળી વીજલાઈન ને, વૈકલ્પીક દીશા તરફથી વીજલાઈન ઉભી કરવાની પણ કામગીરી અન્વયે રીવાઇઝ સર્વે થયેલ હતુ. પરંતુ, સદર વૈકલ્પીક દીશા ના સર્વે સમયે ના, તે વિસ્તાર ના અન્ય આસામીઓએ, સદર વીજલાઈન ઉભી કરવા સામે વાંધો ઉઠાવેલ હતો. આવા કારણોસર, આજદિન સુધી સદર વીજલાઈન સંપુર્ણ પણે ઉભી કરી અને અરજદાર શ્રી ને જોડાણ ચાલુ થઈ શકેલ નથી. આમ, જે સમયે, વડત્રા પેટા વિભાગીય કચેરી તરફથી ઉભી કરાયેલ, અને વીજતાર વગર ના ઉભા થયેલ, વીજલાઈન ના કુલ ૧૨ થાંભલાઓ પછી ની બાકી રહેતી, વીજતાર લગાડવાની અને લાઈનચાર્જ કરી અને જોડાણ ચાલુ કરવાની કામગીરી, જે આજદિન સુધી, પડોશીઓના વાંધાઓના કારણે, હાલ ની વડત્રા પેટા વિભાગીય કચેરી તરફથી પૂર્ણ થઈ શકેલ નથી. |
| **૨.૨** | તા.૦૮–૦૫–૦૯ ની સ્થિતીએ પેઈડ પેન્ડીંગ રહેલ આ જોડાણ ની વીજલાઈન, જોડાણ ના સ્થળ વાળા પડોશીઓ અને અન્ય આસામીઓના વિરોધ / વાંધાઓને કારણે ઉભી થઈ શકેલ ન હોવાથી, હવે પીજીવીસીએલ ની સબંધક વડત્રા પેટા વિભાગીય કચેરી તરફથી, પોલીસ પ્રોટેકશન હેઠળ, સદર વીજલાઈન ઉભી કરવાની કામગીરી હાથ ધરી અને તે મુજબ અરજદાર શ્રી નુ, સદર નવુ ઘરવપરાશ વીજજોડાણ, જે અરજદાર શ્રી તેમજ ફોરમ ની જાણકારી હેઠળ ચાલુ કરી અને અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવશે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩.૧** | ફરીયાદી અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી મા જણાવ્યા મુજબ ની વિગતો મુજબ, મંજુર કરાયેલ અને તા.૦૮–૦૫–૦૯ ની સ્થિતીએ પીજીવીસીએલ કક્ષાએ પેઈડ પેન્ડીગ રહેલ નવા જોડાણ ની મંજુરી અન્વયે ની, અગાઉ ની ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી જામખંભાળીયા તરફથી, ઉભા કરાયેલ વીજલાઈન ના કુલ ૧૨ થાંભલાઓ, અગાઉ ઉભા થઈ ચુકેલ છે. પરંતુ, પડોશીઓના વાંધાઓના કારણે, વીજતાર લગાડી, લાઈન ચાર્જ કરી, અને જોડાણ ને ચાલુ કરવાની બાકી ની કામગીરી અપુર્ણ રહેલ છે. જેથી, અરજદાર ના સદર જોડાણ માટે ની, મંજુર કરાયેલ વીજલાઈન ની બાકી ની કામગીરી, જે હવે પીજીવીસીએલ ની વિભાગીય કચેરી ના સીધી દોરવણી અને માર્ગદર્શન હેઠળ સબંધક વડત્રા પેટા વિભાગીય કચેરી તરફથી, પોલીસ પ્રોટેકશન હેઠળ, સદર વીજલાઈન બાકી રહેતી કામગીરી, જે દિન–૧૫ મા હાથ ધરી, અને દિન–૩૦ મા પૂર્ણ કરી, અને તે મુજબ અરજદાર શ્રી નુ, સદર નવુ ઘરવપરાશ વીજજોડાણ, જે અરજદાર શ્રી તેમજ ફોરમ ની જાણકારી હેઠળ, દિન–૩૦ મા ચાલુ કરી, અને અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવા માટે નો આ સાથે પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે,અરજદાર શ્રી ના તા.૦૮–૦૫–૦૯ ની સ્થિતીએ પીજીવીસીએલ કક્ષાએ પેઈડ પેન્ડીગ રહેલ, નવા ઘરવપરાશ વીજજોડાણ ને ચાલુ કરવા સબબ ની, મંજુર વીજલાઈન ના ૧૨ થાંભલાઓ ઉભા થયેલ છે, જયારે બાકી રહેલ એવી વીજતાર લગાડી અને સંપુર્ણ વીજલાઈન ચાર્જ કરી અને જોડાણ ને ચાલુ કરવાની કામગીરી, જે દિન–૧૫ મા હાથ ધરી, અને દિન–૩૦ મા પૂર્ણ કરી, અને તે મુજબ, અરજદાર શ્રી નુ સદર નવુ ઘરવપરાશ વીજજોડાણ, જે અરજદાર શ્રી તેમજ ફોરમ ની જાણકારી હેઠળ, સબંધક પેટા વિભાગીય કચેરી દ્વારા દિન–૩૦ મા ચાલુ કરી, અને અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવા માટે નો, આ સાથે પીજીવીસીએલ ની, જામખંભાળીયા વિભાગીય કચેરી ના જવાબદાર વડા ને, આ સાથે આદેશ આપવામા આવે છે. |

( કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..